ગાંધીનગર સમાચાર



સે-૧૭માં વાઈબ્રન્ટ પ્રદર્શન પાસેના વિસ્તારમાં ભયજનક હાલતમાં નમી પડેલા વૃક્ષને દુર કરવા માટે વન વિભાગની ટીમે ગુરુવારે કામગીરી હાથ ધરી હતી. આ દરમિયાન કટરથી તુટેલા વૃક્ષને દુર ખસેડવા માટે ક્રેઈનની મદદથી કામ આગળ ચાલતુ હતુ ત્યારે જ તોતિંગ વૃક્ષના થડથી ક્રેઈન પલ્ટી મારી હતી. જેના લીધે નજીકમાં સ્થિત સરકારી આવાસની છત પણ તુટી હતી. જો કે સદનસીબે કોઈને પણ ઈજા થવા પામી ન હતી.

# પેથાપુર નગરપાલિકામાં વિધાનસભાની ચૂંટણી કરતાં ત્રણ નવા બુથ બનશે : તંત્ર તડામાર તૈયારીમાં વ્યસ્ત

ગાંધીનગર, તા. ૧૧

પેથાપુર નગરપાલિકાની આગામી ૨૧મીએ યોજાનાર ચૂંટણી માટે આજથી પક્ષો દ્વારા તેમના જાહેર પ્રચાર અભિયાનનો આરંભ કરાયો છે.

પેથાપુર નગરપાલિકાની આ ચૂંટણીમાં ૧૬ હજારથી વધુ મતદારો પોતાના પ્રતિનિધિઓને ચૂંટશે. પેથાપુર નગરપાલિકાના આ ચૂંટણી જંગમાં ૪૯ ઉમેદવારો મેદાનમાં છે.

પેથાપુર નગરપાલિકામાં સૌથી વધુ મતદારો વોર્ડ નં. ૫માં નોંધાયેલા છે. જ્યાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૩૩૫૨ છે. આ પછી બીજા ક્રમે વોર્ડ નં. ૬ આવે છે. જ્યાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૩૦૩૬ છે.

આ નગરપાલિકામાં સૌથી ઓછા મતદારો વોર્ડ નં. ૨માં નોંધાયેલા છે જ્યાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૨૦૭૯ છે.

વોર્ડ નં. ૧માં નોંધાયેલા મતદારોની સંખ્યા ૨૯૦૦ છે, વોર્ડ નં. ૪માં નોંધાયેલા મતદારોની સંખ્યા ૨૬૯૬ છે અને વોર્ડ નં. ૩માં નોંધાયેલા મતદારોની સંખ્યા ૨૫૬૩ છે.

પેથાપુર નગરપાલિકા માટે ૧૮ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે. જે પૈકી ૮ મતદાન મથકો સંવેદનશીલ છે. સરકારી શાળા અને સરકારી દવાખાના સિવાય એક-બે મતદાન કેન્દ્રો ખાનગી શાળા અને મકાનમાં નિયત કરાયા છે.

## સૌથી વધુ મતદારો વોર્ડ નં. ૫માં અને સૌથી ઓછા મતદારો વોર્ડ નં. ૨માં નોંધાયેલા છે : ૮ મતદાન મથકો સંવેદનશીલ

આ ચૂંટણીમાં સૌથી વધુ નોંધનીય બાબત એ છે કે વિધાનસભા ૨૦૧૨ની તુલનામાં ત્રણ નવા મતદાન મથકો બનાવવામાં આવ્યા છે. આમ છેલ્લા ચાર વર્ષમાં ૪ હજાર જેટલા નવા મતદારો ઉમેરાયા છે.

તંત્ર દ્વારા આ ચૂંટણીની તૈયારીઓ હાલ પૂરજોશમાં ચાલી રહી છે. નવ સર્વિસ વોટર્સ છે. તંત્ર દ્વારા બેલેટ (મતપત્રકો)ની છપામણીની કામગીરી લગભગ પૂર્ણ થઈ જવા પામી છે. આગામી સપ્તાહ બાદ તૈયારીઓ વધુ વેગીલી બનશે. આ માટે કર્મચારીઓને પ્રથમ તબક્કાની તાલિમ આપી દેવામાં આવી છે. આ ઉપરાંત મતદાર જાગૃતિના પણ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.



ગાંધીનગર કલેક્ટર કચેરીમાં નવનિયુક્ત થયેલા ૧૬ જેટલા કારકુનોને આજે અધિક નિવાસી કલેક્ટરશ્રી કાલરિયા, પ્રાંત અધિકારીશ્રી રાકેશ વ્યાસ, જિલ્લા પુરવઠા અધિકારી સુશ્રી નિશાબેન શર્માએ મહેસુલી કાર્યવાહીના વિવિધ પાસાઓને આવરી લઈ બે કલાક સુધી તાલીમ આપી હતી.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર કલેક્ટર કચેરીમાં આજે પાણીની તકલીફ ઉભી થવા પામી હતી.
- ગાંધીનગર શહેરની વિવિધ સુવિધા કચેરીઓ અને બિલ્ડીંગોમાં વાયરમેનોની અછતને પગલે સમસ્યાઓ વધી રહી છે.
- સચિવાલયના બ્લોક નં. ૧૪માં આજે ૧૦ મિનિટ સુધી વીજ વ્યવસ્થાપન ખોરવાઈ જવા પામ્યુહતુ.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના ચાર કર્મચારીઓ તાલુકા વિકાસ અધિકારીઓની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે તેમાં બે મહિલા અને બે પુરૂષ કર્મયોગીઓનો સમાવેશ થાય છે. આ કર્મચારીઓમાં પ્રફુલભાઈ બ્રહ્મભટ્ટ, ડી.આઈ. સોલંકી, સ્મિતાબેન ઠક્કર અને રેખાબેનનો સમાવેશ થાય છે.
- રોટરી કલબના સહયોગથી ગાંધીનગર મહાપાલિકાના સભાખંડમાં થેલેસેમીયા રોગને લઈ બપોરે ચિંતન થશે.
- ગુજરાત યુનિ.એ સેમેસ્ટર-૬ની પરીક્ષા ૨૮મી માર્ચથી લેવાની ઘોષણા કરી છે.
- ગુજરાત યુનિ.ના એક વધુ પરિપત્રએ શૈક્ષણિક જગતમાં વિવાદ વકરાવ્યો છે. યુનિ.એ વિદ્યાર્થીઓની આંતરિક પરીક્ષા લઈ તેના ગુણાંક મોકલો અથવા તો વિદ્યાર્થીઓ પાસે એસાઈમેન્ટ લખાવી તેનું મૂલ્યાંકન કરી ગુણાંક મોકલો. આમ બે વિકલ્પોને લઈ કોલેજ સત્તાવાળાઓ હવે દ્વિધામાં પડ્યા છે કે શું કરવું?

# ગાંધીનગર સાંઈ ખાતે વિવિધ રમતોમાં સિદ્ધિ પ્રાપ્ત ખેલાડીઓના કોચિંગ માટેની પસંદગી પ્રક્રિયા હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૧૧

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (સાંઈ) ગાંધીનગર દ્વારા સ્પોર્ટસ ટ્રેનીંગ સેન્ટર સ્કીમ હેઠળ રાજ્યના સબ જુનિયર, જુનિયર અને સિનિયર કેટેગરીના પ્રતિભાશાળી ખેલાડીઓ નેશનલ અને ઈન્ટરનેશનલ સ્તરે રમતમાં ઉત્તમ પ્રદાન આપી શકે તે હેતુથી વિવિધ ૯ જેટલી રમતોનું વિના મુલ્યે શ્રેષ્ઠ કોચિંગ મેળવી શકે તે માટેના પસંદગી પ્રક્રિયાનો ગાંધીનગર ખાતે પ્રારંભ થયો છે.

સ્પોર્ટસ ટ્રેનીંગ સેન્ટરમાં વર્ષ ૨૦૧૬-૧૭ માટેના ટેલેનટેડ સ્પોર્ટસ પરસનની સાંઈ ટ્રેનિંગ સેન્ટર સેક્ટર-૧૫ ગાંધીનગર ખાતે તા. ૧૦ ફેબ્રુઆરીથી ૧૩ ફેબ્રુઆરી-૨૦૧૬ દરમિયાન યોજાનારી પસંદગી પ્રક્રિયામાં ભાઈઓ અને બહેનો માટે એથ્લેટિક્સ, જિમનાસ્ટિક, હોકી, હેન્ડબોલ, સ્વિમીંગ, કુસ્તી તેમજ માત્ર ભાઈઓ માટે ફૂટબોલના ખેલાડીઓની પસંદગી કરવામાં આવશે. તેમજ તા. ૨૨ થી ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૬ના દરમિયાન ભાઈઓ -બહેનો માટે કબડ્ડી અને વોલીબોલની પસંદગી યોજાશે.

ઉપરાંત પસંદગી સમિતિ દ્વારા પસંદગી થયાની તારીખથી વ્યક્તિગત રમતોમાં ૧૨ થી ૧૮ વર્ષની તેમજ ટીમ સ્તરની રમતોમાં ૧૦ થી ૨૪ વર્ષની વય નક્કી કરવામાં આવી છે. પસંદગી માટે ખેલાડી જિલ્લા, રાજ્ય કે રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં તેમજ તેની સમકક્ષની રમતમાં વિજેતા થયો હોવો જોઈએ.

અત્રે ઉલ્લેખનીય છે કે પસંદગી પામ્યા બાદ ખેલાડીઓને સાંઈના શ્રેષ્ઠ કોચ દ્વારા વર્ષ દરમિયાન ૩૩૦ દિવસની ઉત્તમ તાલીમ વિના મૂલ્યે રહેવા-જમવાની સુવિધા, સ્પર્ધાત્મક વાતાવરણ, સ્પોર્ટસ કિટ્સ, મેડિકલ, વીમો અને સ્વીકારવા યોગ્ય શિક્ષણ ખર્ચ જેવી સુવિધાઓ આપવામાં આવશે. ખેલાડીએ પસંદગી માટે પોતાના ખર્ચે આવવાનું રહેશે. આ સાથે પસંદગી વખતે રમત-ગમતના અસલ પ્રમાણપત્રો, તાજેતરના ફોટોગ્રાફ, ઉંમરના પુરાવા તેમજ શૈક્ષણિક અને રમત-ગમતમાં છેલ્લા બે વર્ષમાં મળેલી સિદ્ધિઓના પુરાવા સાથે લાવવાના રહેશે.

## ઝુંડાલ કેનાલમાંથી મહિલાનો બિનવારસી મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર નજીક ઝુંડાલ નર્મદા કેનાલમાં મહિલાનો મૃતદેહ હોવાની જાણ પોલીસ કંટ્રોલને થતા અડાલજ પોલીસને ઘટનાની જાણ કરવામાં આવી હતી. અડાલજ પોલીસે સ્થળ પર જઈ મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતાં તેની ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળી આવ્યા ન હતાં. આશરે ૪૦ વર્ષની મહિલાના બિનવારસી મૃતદેહને પી.એમ. માટે મોકલી અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતકની ઓળખ માટે તજવીજ શરૂ કરી છે. મૃતદેહ ફોગાઈને એકદમ વિકૃત હાલતમાં છે જેને કારણે કેનાલમાં બે ત્રણ દિવસથી મૃતદેહ પડ્યો હવાની આશંકા છે. અડાલજ પીએસઆઈ આઈ.ટી. દેસાઈએ તપાસ શરુ કરી છે.

## જાણીતા નિર્માતા-દિગ્દર્શક મધુર ભંડાકર મુખ્યમંત્રીની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૧

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની હિન્દી ચલચિત્રોના પ્રસિદ્ધ નિર્માતા-દિગ્દર્શક મધુર ભંડારકરે આજે ગાંધીનગરમાં સૌજન્ય મુલાકાત લીધી હતી.

# ઈશરત મામલે કોંગ્રેસ દેશની માફી માંગે : ભાજપ

ગાંધીનગર, તા. ૧૧

એન્કાઉન્ટરમાં મૃત્યુ પામનાર ઈશરત જહાં આતંકી હતી તેવો ખુલાસો હેડલીએ કરતા ભારતીય જનતા પાર્ટીએ ઈશરતને નિર્દોષ ગણાવનાર કોંગ્રેસ પાર્ટી દેશની માફી માંગે તેવી માંગણી કરી છે.

પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુ અને પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ. કે. જાડેજાએ જણાવ્યું છે કે, હેડલીએ ઈશરત જહાં અંગે કરેલા ખુલાસા પરથી બિલકુલ સ્પષ્ટ થાય છે કે, ગુજરાતની તત્કાલીન ભાજપા સરકારે લીધેલ પગલાં યથાર્થ અને રાષ્ટ્રહિતમાં હતા. તેઓએ બિનસાંપ્રદાયિકતાનો બુરખો પહેરી રાજકીય કાવાદાવા ખેલતી કોંગ્રેસને આડે હાથ લેતા જણાવ્યું હતું કે, દેશ હિત વિરૂદ્ધ કરેલા કૃત્યો બાબતે કોંગ્રેસ જવાબ આપે, 'એવું કયું સગપણ હતું કે, કોંગ્રેસ રાષ્ટ્રવિરોધી આતંકીઓનો ઝંડો લઈ ફરતી હતી ?'

તેમણે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, તત્કાલીન ગૃહપ્રધાન શ્રી અમિતભાઈ શાહ અને ગૃહ વિભાગ સામે મોરચો માંડનાર અને કાદવ ઉછાળનાર કોંગ્રેસ માફી માગે તેવી માંગણી કરતા જણાવ્યું હતું કે, ક્ષુલ્લક રાજકીય સ્વાર્થ માટે ગુજરાત વિરોધી અને રાષ્ટ્ર વિરોધી પરિબળોને હવા આપવાનું, આશ્રય આપવાનું કામ કરી કોંગ્રેસ દેશ હિત ભુલી હતી. જેનો જવાબ દેશની જનતાએ ૨૦૧૪માં આપી દીધો છે અને જે આજના ખુલાસા પરથી પણ સ્પષ્ટ થાય છે.

## શંત્રુજય મહાતીર્થી સુધીની યુવા જાગરણ પદયાત્રા યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

સંઘવી શેઠ શ્રી માણેકલાલ મનસુખભાઈ પરિવાર દ્વારા આગામી ૨૦ થી ૨૮ મે દરમિયાન વલ્લભીપુરથી શંત્રુજય મહાતીર્થી સુધીની એક યુવા જાગરણ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમગ્ર ભારતના જૈન સમાજના શ્વેતામ્બર સ્થાનકવાસી, તેરાપંથી, દિગમ્બર આમ ચારેય ફીરકાના ૫ થી ૨૫ વર્ષ સુધીના યુવક-યુવતીઓ ગિરિરાજની પદયાત્રા સંઘમાં જોડાશે.




ગાંધીનગર જિલ્લામાં સંપૂર્ણ દારૂનો ધંધો બંધ કરાવવા ક્ષત્રિય ઠાકોર સેનાના યુવાનો દ્વારા અભિયાન શરૂ કરાયું છે. આ અભિયાન અંતર્ગત ડભોડા વિસ્તારના ૨૨ ગામોમાં દારૂ બંધ કરાવવા સેના તેમજ ગામના આગેવાનો સહિત ડભોડા અને અડાલજ પોલીસ સ્ટેશન ખાતે એક આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં સાત દિવસમાં દારૂ બંધ કરાવવા અંગેની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# આજે મુખ્યમંત્રીના હસ્તે પશુપાલકોને પુરસ્કારથી સન્માનિત કરાશે

ગાંધીનગર, તા. ૧૧

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ આવતીકાલ તા. ૧૨મી ફેબ્રુઆરી-૨૦૧૬ શુક્રવારે શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કારથી રાજ્યના તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાના શ્રેષ્ઠ પશુપાલકોને સન્માનિત કરશે.

રાજ્યના પશુપાલન વિભાગ દ્વારા અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના પીરાણા ખાતે આયોજિત આ સમારોહમાં રાજ્યના કુલ ૫૬૫ શ્રેષ્ઠ પશુપાલકોને સમગ્રતયા રૂ. ૨૧.૮૨ લાખના એવોર્ડઝથી સન્માનિત કરવામાં આવશે.

રાજ્ય સરકારે પશુપોષણ, પશુરહેઠાણ, પશુસંવર્ધન, પશુસ્વાસ્થ્ય અને પશુમાવજતમાં ઉચ્ચ કોટિનો અભિગમ અપનાવનારા શ્રેષ્ઠ પશુપાલકોને એવોર્ડથી સન્માનિત કરવાની આ યોજના ૨૦૧૪-૧૫થી અમલી બનાવી છે.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે ૨૦૧૫-૧૬ માટેના આ શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર વિતરણ સમારંભમાં રાજ્યના કૃષિ-પશુપાલન મંત્રીશ્રી બાબુભાઈ બોખિરીયા પણ ઉપસ્થિત રહેવાના છે.

# આજથી રેવન્યુ તલાટીની પરીક્ષા માટેની હોલ ટીકીટ ડાઉનલોડ કરી શકાશે

ગાંધીનગર, તા. ૧૧

૨૮મી ફેબ્રુઆરીના રોજ યોજાનાર રાજ્યવ્યાપી રેવન્યુ તલાટીની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાની હોલ ટીકીટ (પ્રવેશ પત્ર) ઉમેદવારો આજે બપોરે ૨ કલાકથી ડાઉનલોડ કરી શકશે. ઉમેદવારો પરીક્ષાના દિવસ સુધી આ પ્રવેશ પત્ર કાઢી શકશે.

રાજ્યભરમાં ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૨૪૮૦ રેવન્યુ તલાટીની ભરતી માટેની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા યોજાશે. આ પરીક્ષા રાજ્યના સવા બાર લાખ ઉમેદવારો આપશે. આ ઉમેદવારોની પરીક્ષા સ્થળ અને સમય સહિતની વિગતો માટેની હોલ ટીકીટ (પ્રવેશ પત્ર) આજથી બપોરે ૨ કલાકથી ઉમેદવારો પોતાનો નંબર અને જન્મ તારીખ નાખી નિકાળી શકશે. અને પરીક્ષાના દિવસ સુધી પરીક્ષાના એક કલાક અગાઉ સુધી આ હોલ ટીકીટ નિકળી શકશે. જેથી ઉમેદવારો તુરંત હોલ ટીકીટ કાઢી લેવા જણાવાયું છે.

# ભારતીય પરંપરામાં મનોવૈજ્ઞાનિક સમસ્યાઓનો હલ છુપાયેલો છે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરમાં છેલ્લા બે સપ્તાહથી ઓસ્ટ્રેલિયાની એડિથ કોવાન યુનિવર્સિટી-ઈસીયુમાંથી માનસશાસ્ત્રના ૧૨ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીનું એક ડેલિગેશન પીડીપીયુ ખાતે પધાર્યુ હતુ. આ ડેલિગેશન સાયક્લોજીકલ સર્વિસનો ભારત અને ઓસ્ટ્રેલિયામાં તફાવત તથા ભારતીય સંસ્કૃતિ અને ભારતીયોના પરિપેક્ષ્યમાં તેની સમજ અંગે અભ્યાસ અને સંશોધન કરવા આવ્યા હતા. આ ડેલિગેશને તેમની મુલાકાતના અંતિમ દિવસે ભવ્ય સમાપન સમારોહને માણ્યો હતો અને ક્રિકેટ મેચ પણ રમ્યા હતા.

સમાપન સમારોહના પ્રારંભમાં જ ડેલિગેશનના બે સપ્તાહ દરમ્યાનના અનુભવો અને સંસ્મરણોની ઝલક દર્શાવતો ઓડિયો-વિડીયો શૉ દર્શાવ્યો હતો. સ્ટડી ઈન ઈન્ડિયા એક્સપોઝર પ્રોગ્રામના વિભાગીય વડા ડૉ. રિતુ શર્માએ કાર્યક્રમના પ્રારંભે જ



ડેલિગેશનના ઓસ્ટ્રેલિયન સભ્યોને હૂંફાળો આવકાર આપ્યો હતો. ડૉ. રિતુ શર્માએ જણાવ્યું હતું કે એસઆઈપી પ્રોગ્રામનો હેતુ બે દેશો વચ્ચે વૈચારિક અને લાગણી સાથેનો સેતુ બાંધવા ઉપરાંત વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક ઉપયોગિતા અને તે સંદર્ભની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે જોડવાનો હતો. તેમણે એસઆઈપી પ્રોગ્રામ સફળ રહ્યો હોવાની જાહેરાત કરતા સમગ્ર પ્રોગ્રામને 'માનવજીવનના અજોડપણાનો ઉત્સવ' ગણાવ્યો હતો.

ડેલિગેશનના કો-ઓર્ડિનેટર તથા ઈસીયુના સાયકલોજીના પ્રાધ્યાપક ડૉ. ઈયાલ ગ્રીન ગાર્ટે પોતાના અનુભવો વર્ણવતા આનંદ સાથે જણાવ્યું હતું કે જ્યારે પણ તમે ભારત આવો ત્યારે તમે અનુભવશો કે ભારતીય સંસ્કૃતિ અને પરંપરામાં મનોવૈજ્ઞાનિક બાબતોને કેવી રીતે સંભાળવી તેનો અર્ક છુપાયેલો છે. જેને ભારતીયોનો સાયક્લોજીક્ષેત્રે અપાયેલ મહત્વનો ફાળો કહી શકાય. આ પ્રસંગે પીડીપીયુના સ્કૂલ ઓફ લીબરલ સ્ટડીઝના ડાયરેક્ટર ડૉ. નિગમ દવેએ પીડીપીયુએ એક યુવા યુનિવર્સિટી હોવાના નાતે ઈન્ડિયા એક્સપોઝર પ્રોગ્રામને સંશોધન ક્ષેત્રે મહત્વનું પરિમાણ સર્જવાનો પ્રયાસ હોવાનું જણાવ્યું હતું. તેમણે આ પ્રોગ્રામને વિદ્યાર્થીઓ, સંશોધન કર્તાઓ તથા શૈક્ષણિક આદાન પ્રદાન બાબતે મહત્વનું પ્લેટફોર્મ હોવાનું જણાવતા આનંદ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના અંતમાં ડેલિગેશનના તમામ સભ્યોને પ્રમાણપત્રો તથા સ્મૃતિચિહ્ન આપી નવાજવામાં આવ્યા હતા. તથા ડેલિગેશનના માનમાં ભવ્ય ડિનર પાર્ટી યોજવામાં આવી હતી.

